| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૫/૨૦૨૩ | | |
| રજુ તારીખ | ૦૭/૦૧/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહીનો | દીવસ |
| | ૦૧ | ૦૬ | ૧૬ |

ઉમરગામના એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (એ.કે.ડાભી ) સાહેબશ્રીની કોર્ટમાં.

ફોજદારી કેસ નંબર–૧૨૬૪/૨૦૨૫

ભીલાડ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૦૦૦૭૨૩૦૯૨૪/૨૦૨૨

**આંક :–**

ફરીયાદી::–નામદાર સરકાર

વિરૂઘ્ઘ

આરોપી ::–

(૧)... પ્રદિપભાઈ પ્રકાશભાઈ તિવારી.

રહેવાસી:–એ૧/૪૦૨/ બાલાજી જેમ્સ એપાર્ટમેન્ટ, રીંગરોડ, ઉલ્ટન ફળીયા દાદરા નગર હવેલી, સેલવાસ

મુળ રહેવાસી:– બાબનપુર્વા, પરસ્પુર બજાર, ગોંડા યુપી

## -:: Appearance ::-

A K DABHI
23/07/2026

For the State ::- વિ.એ.પી.પી.શ્રી જે.ડી. પટેલ.

For the Accused :- વિ. વ.શ્રી. બી.એમ. માંગેલા

–:: ગુન્હો ::–

ઈન્ડીયન પીનલ કોડ ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનો.

.....................................................................................

*–:: કેસ રીફરર્ડ ::–*

*૨૦૧૭ (૦) સુપ્રિમ (એસ.સી.) પાના નંબર–૫૭૪, સતિષ નિરંકારી વિરૂધ્ધ રાજસ્થાન*

**–:: જ જ મે ન્ટ ::–**

**(ફરીયાદ પક્ષનો કેસ)**

(૧)... હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૨૧/૦૫/૨૦૨૩ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે મોજે કચીગામ, રાણા ફળીયાના જાહેર રોડ ઉપર તા. ઉમરગામ જી. વલસાડ ખાતે સદર ગુનાના કામે મરણ જનાર પ્રિયાંશી પ્રવિણ ગામીત તથા ઈજા પામનાર સાહેદ અરુણાબેન પ્રવિણ ગામીત નાઓ રસ્તે ચાલતા જતા હતા તે વખતે સામેથી આ કામના આરોપીનો પોતાના કબજાનો લાલ કલરનો થ્રી વ્હીલ ટેમ્પો નં. ડી.એન. ૦૯. વી. ૯૭૬૦ નો વગર લાયસન્સ તથા વગર ઈન્શ્યોરન્સ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતા મરણજનારના સાહેદને સામેથી ટકકર મારી અડફેટમાં લઈ એકસીડન્ટ કરી મરણજનાર તથા સાહેદને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડતા બંન્નેને સારવાર સારુ સેલવાસ વિનોબાભાવે હોસ્પિટલમાં દાખલ કરતા મરણજનાર પ્રિયાંશી પ્રવિણ ગામીત સારવાર દરમિયાન મરણ નિપજાવી નાસી જઈ જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ ભીલાડ

A K DABHI
23/07/2026

પોલીસ સ્ટેશનમાં આપેલ છે.

(૨)... આ કામે ફરીયાદીની સદર હકીકતો વાળી ફરીયાદ ભીલાડ પો. સ્ટે. ગુ. ર. નં . ૧૧૨૦૦૦૦૭૨૩૦૯૨૪/૨૦૨૨ થી ગુન્હો નોંધવામાં આવેલ છે અને, ત્યારબાદ સદર કામે તપાસ કરનાર અમલદારશ્રીને તેઓને તપાસ મળતા આ તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા ઈન્કવેસ્ટ પંચનામું તથા શરીરસ્થિતિનું પંચનામું પંચો રૂબરૂ કરી, જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૃધ્ધ ફરીયાદવાળા ગુન્હાના કામે પુરતા પુરાવા પડતા હોય તે બદલનું ભારતીય દંડ સંહિતા (જેને હવે પછી ટુંક માં સરળતા ખાતર ઈ.પી.કો. તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટનીકલમ–૧૩૪,૧૭૭,૧૮૪ મુજબનું ચાર્જશીટ અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે જેમાં હાલના આરોપીની સામે હાલનાં કામની ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતા આ કામના આરોપી તેઓના વિ.વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ– ૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવા બદલની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ ( જેને હવે પછી ટુંકમાં ક્રિ. પ્રો. કોડ તરીકે સંબોધવામાં આવેલ છે) માં દર્શાવેલ ટ્રાયલ અન્વયે સમન્સ ટ્રાયેબલ મુજબ ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૫૧, મુજબ આંક –૦૪ લગત આરોપીનું સ્ટેટમેન્ટ યાને નિવેદન રેકર્ડ કરેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા અને કેસ ચલાવવાની માંગણી કરતાં આ કામ ફરીયાદ પક્ષના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ છે.

(૩)... આ કામે ફરીયાદ પક્ષ તરફે હાલના કામે આક્ષેપાયેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–:: ફરીયાદ પક્ષ તરફેનો પુરાવો ::–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરિયાદ પ્રવિણભાઈ લાલજીભાઈ ગામીતની સોગંધ ઉપરની  જુબાની. |
| ૨. | ૧૦ | ફરીયાદ. |
| ૩. | ૧૧ | સાહેદ અરૂણાબેન પ્રવિણભાઈ ગામીતની સોગંધ ઉપરની જુબાની. |
| ૪. | ૧૨ | પંચ દિવ્યેશ વસંતભાઈ પટેલની સોગંધ ઉપરની જુબાની. |
| ૫. | ૧૩ | શરીરસ્થિતિનું પંચનામું. |
| ૬. | ૧૫ | સાહેદ બબલીબેન મોહનભાઈ પટેલની સોગંધ ઉપરની જુબાની. |
| ૭. | ૧૬ | સાહેદ શૈલેષભાઈ મગનભાઈ પટેલની સોગંધ ઉપરની જુબાની. |
| ૮. | ૧૭ | મરણોતરનું પંચનામું. |
| ૯. | ૧૯ | સાહેદ રોહીતભાઈ પ્રવિણભાઈ ગામીતની સોગંધ ઉપરની જુબાની. |
| ૧૦. | ૨૦ | સાહેદ રાહુલભાઈ સુરેશભાઈ પટેલની સોગંધ ઉપરની જુબાની. |
| ૧૧. | ૨૩ | તપાસ કરનાર અમલદાર વરુણભાઈ દિપકભાઈ પટેલની સોગંધ ઉપરની જુબાની. |
| ૧૨. | ૨૪ | તપાસનો ઝેરોક્ષ લેખિત હુકમ |
| ૧૩. | ૨૫ | ગુનાવાળી જગ્યાના પંચનામાંની ઝેરોક્ષ નકલ |
| ૧૪. | ૨૬ | પી.એમ. નોટ |
| ૧૩. | ૨૭ | મેડીકોલીગલ કેસ પેપર્સ (અરુણાબેન તથા પ્રિયાંશી ગામીત નાઓનું) |
| ૧૪. | ૨૮ | પ્રિયાંશી પ્રવિણભાઈ ગામીત નાઓના મરણ પામેલ હોય જે બદલનું મેડીકો લીગલ કેસ પેપર્સ |
| ૧૫. | ૨૯ | ઈજા પામનાર અરુણાબેન પ્રવિણભાઈ ગામીત નું સારવાર કરાવેલ તેનું સર્ટીફીકેટ |

A K DABHI
23/07/2026

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧૬. | ૩૦ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એ ખુલ્લી અદાલતમાં પુરાવો બંધ થયાનું જાહેર કરતા આરોપીની વિરૂધ્ધ આવેલ પુરાવા બાબતે તેના ખુલાસાના રૂપે આરોપીને પ્રશ્નો પુછવા જરૂરી હોય આ કામ આરોપીનાં વધારાનાં નિવેદન માટે રાખી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીના વધારાનું નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો છે અને હાલનો ખોટો કેસ કરેલ હોવાનું તેમ જણાવી તેઓએ સોગંધ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેવું જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેઓની સામે ખોટો કેસ કરેલ છે. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તરફે કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય સી.આર.પી.સી. ની કલમ–૨૪૩ મુજબનો આરોપીના બચાવનો પુરાવાનો સ્ટેજ પૂર્ણ જાહેર કરી આ કામ આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪)... આ કામે આરોપીની સામે નિર્ણય અર્થે નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થયેલ છે.

–:: મુદ્દાઓ ::–

(આરોપીની સામેનો ચાર્જ)

(૧)... શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તારીખ ૨૧/૦૫/૨૦૨૩ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે મોજે કચીગામ, રાણા ફળીયાના જાહેર રોડ ઉપર તા. ઉમરગામ જી. વલસાડ ખાતે સદર ગુનાના કામે મરણ

A K DABHI
23/07/2026

જનાર પ્રિયાંશી પ્રવિણ ગામીત તથા ઈજા પામનાર સાહેદ અરુણાબેન પ્રવિણ ગામીત નાઓ રસ્તે ચાલતા જતા હતા તે વખતે સામેથી આ કામના આરોપીનો પોતાના કબજાનો લાલ કલરનો થ્રી વ્હીલ ટેમ્પો નં. ડી.એન. ૦૯. વી. ૯૭૬૦ નો વગર લાયસન્સ તથા વગર ઈન્શ્યોરન્સ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતા મરણજનારના સાહેદને સામેથી ટકકર મારી અડફેટમાં લઈ એકસીડન્ટ કરી મરણજનાર તથા સાહેદને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડતા બંન્નેને સારવાર સારુ સેલવાસ વિનોબાભાવે હોસ્પિટલમાં દાખલ કરતા મરણજનાર પ્રિયાંશી પ્રવિણ ગામીત સારવાર દરમિયાન મરણ નિપજાવી નાસી જઈ ઈ.પી.કો.ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૩૪,૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨)... શું હુકમ ?

(૫)... ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

(૧)... નકારમાં.

(૨)... આખરી હુકમ મુજબ.

–:: કા ર ણો ::–

મુદ્દા નં. ૧ ::–

(૬)... કોઈ પણ ફોજદારી પ્રક્રીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામા આવતી હોય છે જેમા આરોપી ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીએ ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી

વિરૂધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચુ બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનુ હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનુ વિષ્લેષણ કરવાનુ માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂધ્ધ હીમાચલપ્રદેશ તેમજ અનીસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદામા માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલીક, આર્થિક, સામાજીક પરીસ્થિતીને અનુલક્ષીને સાહેદની જુબાનીનુ વિષ્લેષણ કેવી રીતે કરવુ જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નીભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનુ હોય છે કે, કોઈ પણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનુ હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યુમાથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ ન્યાયાલયે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુટી થી પરીચીત હોતા નથી, આવા સંજોગોમા તેઓ ઘણી વખત પોતાની જુબાનીમા વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદપક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૭)... હાલના કામે મુદાઓની ચર્ચાનુ પુનરાવર્તન ન થાય તેવા એકમાત્ર હેતુથી બન્ને મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવેલી છે. હવે આ કામના આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ ચાર્જશીટ વંચાણે લેતા તે ઈ.પી.કો.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,

૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૩૪,૧૭૭,૧૮૪ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે જેથી આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે સૌ પ્રથમ આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન બેદરકારી પુર્વક અને ગફલતભરી રીતે હંકારી લાવી મરણજનારને ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નીપજાવેલ તથા ઈજા કરેલ હોવાની હકીકત શંકા રહીત પુરવાર કરવી જોઈએ.

**(એપ્રિશીએશન ઓફ એવીડન્સ )**

..........................................................................

(૮)... આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની આરોપી તરફેના વિ.વ.શ્રી. ધ્વારા લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્ર થી ફરીયાદી અને સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને ઉલટતપાસનુ સંપુર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯)... હાલના કામે ઉપરોકત મુજબનો રેકર્ડ પર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો, ૨૦૧૭ (૦) સુપ્રિમ (એસ.સી.) પાના નંબર–૫૭૪, સતિષ નિરંકારી વિરૂધ્ધ રાજસ્થાન નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નોંધવામાં આવેલ છે કે, '' જયાં સુધી આરોપીની સામેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને સજા કરી શકાય નહી ''.

વધુમાં ઉપરોકત આક્ષેપ કરવામા આવેલ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૨૭૯ તથા કલમ–૩૩૮ માં કરવામા આવેલ જોગવાઈ પૈકી ગુનો બનવા માટે મુખ્ય અને મહત્વનું કારણ બેફિકરાઈ પણું અને બેદકારીપૂર્વકનું કૃત્ય છે. અલબત ભારતીય ફોજદારી અધિનિયમમા બેદકારીની કોઈ વ્યાખ્યા કરવામા આવેલ નથી તેમ છતા આ અદાલતના મંતવ્ય મુજબ બેદરકારી પૂર્વકનું વર્તન એટલે એવું કૃત્ય કે જેમા સાવચેતીનો

અને વાજબીપણાનો સંદતર અભાવ હોય જેથી આ અદાલતના મંતવ્ય મુજબ કોઈપણ વ્યકિત પોતાનું કૃત્ય પોતે એવી રીતે કરે કે જેમાં યોગ્ય સંભાળ અને પૂરતી સલામતી રાખતો નથી એટલે કે જેમાં અવિચારીપણું હોય અથવા વ્યકિતના પોતાના કૃત્યથી તે મુજબનું પરિણામ આવે જેમાં યોગ્ય સંભાળ અને સાવચેતીનો સદંતર અભાવ હોય તો તેવી વ્યકિતએ ચોકકસ પોતાની બેદરકારી પૂર્વકનું કૃત્ય કરેલ છે તેવું અનુમાન થાય છે. આ ઉપરાંત બેદરકારી એટલે અમુક સંજોગોમાં, સામાન્ય રીતે, વિવેકશીલ વ્યકિત જે કાર્ય કરે તે કાર્ય તેવાં સંજોગોમાં ન કરવું. બેદરકારીમાં જયાં કાયદો એક વ્યકિતની ઉપર અમુક કાર્ય કરવાની કે અમુક રીતે વર્તવાની કે દરકાર લેવાની ફરજ નાંખે છે ત્યાં, તે ફરજ નો ભંગ.

આથી સદર કાયદાકીય જોગવાઈ હાલના કામે ઘ્યાને લેવી જરૂરી જણાય આવતી હોવાથી તે નીચે મુજબ વર્ણવેલ છે.

<u>ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯ હેઠળ સરીયામ રસ્તા પર બે કાળજીંથી વાહન ચલાવવાની અથવા સવારી કરવાની અસર કાં તે મનુષ્યનાં જીવનને ભયમાં મૂકે તેવી હોવી જોઈએ અથવા તો તે એવી હોવી જોઈએ જેથી ઈજા કે નુકસાન થવાની શકયતા હોય.</u>

આ ઉપરાંત હાલના કામે પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કો. ની કલમ ૨૭૯ નાં તત્વોને કેન્દ્ર સ્થાને રાખવા જરૂરી અને ન્યાયોચિત જણાતું હોવાથી તેનાં તત્વો નીચે મુજબ વર્ણવામાં આવેલા છે.

<u>-:: તત્વો ::-</u>

(૧)... <u>જાહેર માર્ગ પર વાહન ચલાવવું, થવા સવારી કરવી,</u>

(૨)... <u>આવું ચલાવવું અથવા સવારી કરવી એટલી બધી બેફામ અથવા ઉપેક્ષાયુકત હોવી જોઈએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમાં મૂકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકસાન કરે એવી શકયતા ઉપસ્થિત થાય.</u>

(૧૦)... આમ, ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈ ઘ્યાને રાખી હાલના કેસમાં

પડેલા પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે બનાવ કોઈ પણ સાહેદે નજરે જોયેલ ન હોવાનું જણાય આવે છે તથા બનાવમાં ઈજા પામનાર સાહેદનાં ઓ પણ આરોપીને ઓળખતા ન હોવાનું જણાય આવે છે અને હાલના કામે આરોપી પોતે તેઓની ટેમ્પો પુરઝડપે અને બેદરકારી રીતે ચલાવતા હોવાનું અને તેઓની આવી ગફલતભરી રીતે બેદરકારીને કારણે હાલનો અકસ્માત બનવા પામેલ હોવાનું જણાય આવતુ નથી. આથી ફરીયાદપક્ષ તરફે આરોપીની બેદરકારી અને પુરઝડપ સાબિત કરવાની રહે છે અને આરોપીની બેદરકારી અને પુરઝડપને કારણે હાલનો બનાવ બનવા પામેલ હોય અને તેવી બેદરકારીથી આરોપીએ સાહેદને ઈજા કરી અને અન્ય સાહેદનું ઈજા કરી મોત નીપજાવેલ હોવાની હકીકત પણ ફરીયાદપક્ષ તરફે નિ:શંકપણે રેકર્ડ પરના પુરાવા પર થી પુરવાર કરવાની રહે છે. આથી આ કામના આરોપીની બેદરકારી હોવાનુ અને આરોપીની વાહનની ગતી વધુ હોવાનુ સદર સાહેદોની જુબાની પર થી જણાય આવતુ નથી.

(૧૧)... આમ ફકત વાહન ચલાવવા માત્રથી ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯ નો ગુન્હો થયેલ હોવાનું માની શકાય નહી પરંતુ વાહનના ચાલક તેઓના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાનુ વાહન ચલાવતા હોવાનું અને આવા પ્રકારે વાહન ચલાવવાથી રાહદારીઓની જીંદગી જોખમમાં મુકાય તેવી રીતે ચલાવતાં હોવાની હકીકત પુરવાર કરવી પડે જે હાલના કામનું રેકર્ડ વંચાણે લેતાં તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. જેથી પણ આ કામે આરોપી પોતાનું વાહન પુરઝડપે તથા ગફલત ભરી રીતે ચલાવી લાવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલી નથી જેથી અત્રેની અદાલતના રેકર્ડ પરના પુરાવાનું બારીકાઈ થી મૂલ્યાંકન કરતા ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭,૩૩૮,૩૦૪(અ) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબના આવશ્યકતત્વો સંતોષાતા ન હોય આરોપીની જ બેદરકારીને કારણે સાહેદને ઈજાઓ કરી મોત નિપજાવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતી ન હોય આ કામના

A K DABHI
23/07/2026

આરોપીને ફરીયાદવાળા બનાવમાં વ્યાજબી શંકાનો લાભ આપવો ઉચ્ચીત લેખાશે જેથી ફરીયાદપક્ષ મુદ્દા નંબર–૧, નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેવુ ઠરાવી મુદ્દા નં.૧, નો જવાબ નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–//હુકમ//–**

(૧)... આ કામના આરોપી પ્રદિપભાઈ પ્રકાશભાઈ તિવારી. રહેવાસી:–એ૧/૪૦૨/ બાલાજી જેમ્સ એપાર્ટમેન્ટ, રીંગરોડ, ઉલ્ટન ફળીયા દાદરા નગર હવેલી, સેલવાસ મુળ રહેવાસી:– બાબનપુર્વા, પરસ્પુર બજાર, ગૌંડા યુપીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૩૪,૧૭૭,૧૮૪ મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાના અભાવે વાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)... આરોપીના જામીનખત આથી રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)... આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭(એ) અન્વયે રૂા. ૫૦૦૦/– નાં અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૨૩ માંહે : જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૭/૨૦૨૬. (અમિતકુમાર કેશવલાલ ડાભી)
મુ. ઉમરગામ. એડી. સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ. ઉમરગામ,
જી. વલસાડ. કોડ નં. જીજે ૦૧૨૮૦.

A K DABHI
23/07/2026